દિવાળી પહેલાં દારૂની હેરાફેરીમાં તેજી, બુટલેગરો સક્રિય

દિવાળી પહેલાં બુટલેગરો સક્રિય, સપ્તાહમાં રૂ. ૨ કરોડનો દારૂ ઝડપાયો

વડોદરા શહેર અને જિલ્લા પોલીસની આડકતરી રીતે દારૂ શહેરમાં ઘુસાડનાર બુટલેગર ઉપર બાજ નજર

(પ્રતિનિધિ) વડોદરા, તા.27

વડોદરા શહેર અને જિલ્લામાં દિવાળીના તહેવાર પહેલાં દારૂની હેરાફેરી વધતાં બુટલેગરો સક્રિય થયા છે. રાજ્ય બહારથી વિદેશી દારૂ અને બિયરનો મોટો જથ્થો શહેરમાં ઘુસાડવાના પ્રયાસો વચ્ચે પોલીસ પણ સતર્ક બની છે. છેલ્લા એક સપ્તાહમાં કરજણ, પાદરા, દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે અને હાલોલ રોડ સહિતના વિસ્તારોમાંથી રૂ. બે કરોડથી વધુનો દારૂ ઝડપાયો હોવાની વિગતો સામે આવી છે.

દિવાળીના તહેવારને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે તહેવારોમાં દારૂની માંગ વધવાની શક્યતાને પગલે વડોદરા શહેર અને જિલ્લાના બુટલેગરો સક્રિય થયા છે. રાજ્ય બહારથી વિદેશી દારૂ અને બિયરનો મોટો જથ્થો શહેરમાં ઘુસાડવા માટે અલગ-અલગ ગેંગ દ્વારા હેરાફેરી કરવામાં આવી રહી છે. જોકે, બુટલેગરોની તરકીબો નિષ્ફળ બનાવવા માટે પોલીસ તંત્રએ પણ કમર કસી છે અને હાઈવે પર વાહન ચેકિંગ, પેટ્રોલિંગ તથા શંકાસ્પદ વાહનોની તપાસ વધારવા સૂચના આપવામાં આવી છે.

છેલ્લા કેટલાક દિવસોમાં દારૂની હેરાફેરીના અનેક બનાવો સામે આવ્યા છે. કરજણ અને પાદરા બાદ દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે તેમજ હાલોલ રોડ પર પણ પોલીસને મોટી સફળતા મળી છે. ખાસ કરીને જરોદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કોટંબી નજીક આવેલી એક કંપનીના ગોડાઉનમાંથી વિદેશી દારૂ અને બિયરના જથ્થાની જપ્તી કરવામાં આવી હતી. આ ઉપરાંત મકરપુરા, હરણી, એલસીબી અને કપુરાઈ પોલીસ દ્વારા પણ અલગ-અલગ કાર્યવાહી કરીને દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, છેલ્લા એક સપ્તાહ દરમિયાન વિવિધ સ્થળોએથી કુલ બે કરોડ રૂપિયાથી વધુ કિંમતનો વિદેશી દારૂ ઝડપાયો છે. હાઈવે અને અન્ય માર્ગોનો ઉપયોગ કરીને દારૂ શહેરમાં પહોંચાડવાના પ્રયાસો થઈ રહ્યા હોવાની શક્યતાને પગલે પોલીસ દ્વારા આવા નેટવર્ક પર નજર રાખવામાં આવી રહી છે.

દિવાળીના તહેવારને હજુ દિવસો બાકી હોવાથી આગામી સમયમાં બુટલેગરો વધુ સક્રિય થાય તેવી શક્યતા છે. આ સ્થિતિમાં પોલીસ દ્વારા વાહન ચેકિંગ અને પેટ્રોલિંગ વધુ સઘન બનાવવાની તૈયારી છે.

સરદાર પટેલ જયંતીએ ૧૯ કન્ટિન્જન્ટની માર્ચપાસ્ટ

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ૩૧મીએ ભવ્ય રાષ્ટ્રીય એકતા પરેડ

પોલીસ બેન્ડ, મોટરસાયકલ પ્રદર્શન અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.27

લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે ૩૧ ઓક્ટોબરે એકતાનગર સ્થિત સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં ભવ્ય રાષ્ટ્રીય એકતા પરેડ-૨૦૨૬ યોજાશે. પરેડમાં રાષ્ટ્રીય એકતા, દેશની અખંડિતતા અને સુરક્ષા દળોના શૌર્યનો સંદેશ આપવામાં આવશે.

આ વર્ષની પરેડમાં 'નક્સલ મુક્ત ભારત' અને 'વિવિધતામાં એકતા'ના સંદેશને વિશેષ પ્રાધાન્ય અપાશે. નક્સલ વિરોધી કામગીરીમાં યોગદાન આપનાર ૪૫ ડોગ સ્ક્વોડ પરેડનું વિશેષ આકર્ષણ બનશે. સુરક્ષા દળોના આ વફાદાર સાથીઓની તાલીમ, શિસ્ત અને આંતરિક સુરક્ષામાં યોગદાનને રજૂ કરવામાં આવશે.

પરેડમાં વિવિધ રાજ્યોની પોલીસ અને સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સ (CAPF)ના ૧૯ કન્ટિન્જન્ટ માર્ચપાસ્ટ કરશે. આ ઉપરાંત પોલીસ બેન્ડ, મોટરસાયકલ પ્રદર્શન, આકર્ષક ઝાંખીઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. એનસીસીના કેડેટ્સ પણ 'વિવિધતામાં એકતા'ની ભાવનાને ઉજાગર કરશે.

સરદાર પટેલે દેશના એકીકરણ માટે આપેલા ઐતિહાસિક યોગદાનને યાદ કરીને યોજાનારી આ પરેડ રાષ્ટ્રીય એકતા, સુરક્ષા દળોના સમર્પણ અને રાષ્ટ્રગૌરવનું પ્રતીક બનશે.

પેરાલિસિસથી પીડિત માતાનો એકનો એક સહારો છીનવાયો

વડોદરાના મકરપુરામાં કચરાના ટેમ્પાની અડફેટે ૨૮ વર્ષીય યુવાનનું કરુણ મોત

મકરપુરામાં પાલિકાની બેદરકારીનો ભોગ બન્યો વધુ એક નિર્દોષ યુવાન

(પ્રતિનિધિ) વડોદરા, તા.27

શહેરના મકરપુરા વિસ્તારમાં આવેલા જશોદા કોલોની ખાતે પાલિકાની ઘોર બેદરકારીનો ભોગ વધુ એક નિર્દોષ યુવાન બન્યો હોવાની હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. કોર્પોરેશનની ડોર-ટુ-ડોર કચરો કલેક્ટ કરતી ગાડીના ચાલકે બેફામ અને બેદરકારીપૂર્વક વાહન હંકારીને રસ્તા પર ચાલી રહેલા ૨૮ વર્ષીય યુવાન અનિલ ઠાકોરને જોરદાર ટક્કર મારતા તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મૃત્યુ નીપજ્યું હતું. આ અકસ્માત બાદ સમગ્ર વિસ્તારમાં ભારે શોક અને આક્રોશની લાગણી ફેલાઈ ગઈ છે.

મૃતક અનિલ ઠાકોર પોતાના પરિવારનો એકમાત્ર કમાવનાર અને તેજસ્વી યુવાન હતો. ખાસ કરીને, અનિલની માતા છેલ્લા કેટલાક સમયથી ગંભીર બિમારી એટલે કે પેરાલિસિસ થી પીડિત છે અને પથારીવશ છે. આ બીમાર માતાના સારવાર અને સમગ્ર ઘરનું ગુજરાન માત્ર અનિલની કમાણી પર જ ચાલતું હતું. એકનો એક દીકરો અચાનક કાળનો કોળિયો બનતા વૃદ્ધ માતા પર વજ્રઘાત થયો છે અને તેમનું રોજીંદુ જીવન મુશ્કેલ બન્યું છે.

ઘટનાસ્થળે હાજર સ્થાનિક રહીશો અને પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, કચરો કલેક્ટ કરતી ગાડીનો ચાલક અત્યંત ઝડપે અને શંકાસ્પદ એટલે કે નશાની હાલતમાં વાહન ચલાવી રહ્યો હતો. ગાડી એટલી ફાસ્ટ હતી કે યુવાનને બચાવવાની કોઈ તક જ ન મળી. અકસ્માત સર્જાતા જ ચાલક ઘટનાસ્થળે જ રોષે ભરાયેલા લોકોના નિશાના પર આવ્યો હતો. પોલીસે તાત્કાલિક દોડી આવીને ટેમ્પા ચાલકને ઝડપી પાડ્યો છે અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઘટના બાદ અનિલના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે શહેરની સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે. હોસ્પિટલ બહાર મૃતકના સ્વજનો, સગા-સંબંધીઓ અને સ્થાનિક આગેવાનો મોટી સંખ્યામાં એકઠા થયા હતા.

ગુરુ-શિષ્ય પરંપરાનો સ્નેહમિલન સમાન બે દિવસીય મહોત્સવ સંપન્ન

પર્ફોર્મિંગ આર્ટ્સ ફેકલ્ટીમાં રાત્રિ આફ્ટર નવરાત્રીની રમઝટ, સુપ્રસિદ્ધ કલાકારોના સૂરોથી પરિસર ગુંજી ઉઠ્યું

વિજય ચુડાસમા, ધર્મેશ બારોટ, કમલેશ બારોટ અને પિયુદાન ગઢવીના ગરબે વિદ્યાર્થીઓ ઝૂમ્યા

(પ્રતિનિધિ) વડોદરા, તા.27

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સ દ્વારા આયોજિત બે દિવસીય સાંસ્કૃતિક મહાપર્વ રાત્રિ આફ્ટર નવરાત્રી મહોત્સવ-2026 નો દ્વિતીય અને સમાપન દિવસ ફેકલ્ટી પરિસરમાં ઉત્સાહપૂર્ણ માહોલમાં સંપન્ન થયો હતો.

પર્ફોર્મિંગ આર્ટ્સ ફેકલ્ટી ખાતે આયોજિત કાર્યક્રમની ગરિમાપૂર્ણ સાંજે મુખ્ય અતિથિ તરીકે પ્રિન્સિપલ કમિશનર, સેન્ટ્રલ જીએસટી સુરેન્દ્રકુમાર માનકોસ્કર ઉપસ્થિત રહ્યા હતા, જ્યારે અતિથિ વિશેષ તરીકે કલા-સંસ્કૃતિના સંરક્ષક અશોક પીઠિયા અને ખ્યાતનામ લોકગાયક પિયુદાન ગઢવી ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર આયોજનનું માર્ગદર્શન સ્ટુડન્ટ્સ કો-ઓર્ડિનેટર ડો. નીતિન પરમાર અને સ્પોર્ટ્સ કો-ઓર્ડિનેટર ડો. દીપક સોલંકી દ્વારા કરાયું હતું. દ્વિતીય દિવસે ફેકલ્ટીના ગૌરવવંતા પૂર્વ વિદ્યાર્થીઓ અને લોકપ્રિય કલાકારો વિજય ચુડાસમા, ધર્મેશ બારોટ, કમલેશ બારોટ અને પિયુદાન ગઢવીએ બુલંદ કંઠે પ્રાચીન-અર્વાચીન ગરબા અને લોકગીતોની સુરાવલી રેલાવતા પરિસર ભક્તિ અને ઉલ્લાસના રંગે રંગાઈ ગયું હતું. મંચ પરથી વહેતી સૂર-તાલની ત્રિવેણી પર વિદ્યાર્થીઓ, પ્રાધ્યાપકો અને ભાવિકો મન મૂકીને ઝૂમ્યા હતા. ઉલ્લેખનીય છે કે, રાત્રિ આફ્ટર નવરાત્રી એ ફેકલ્ટીની વર્ષો જૂની પરંપરા છે. નવરાત્રી દરમિયાન દેશ-વિદેશના મંચો પર કલા પીરસી પરત ફરતા સાધકો જ્યારે માતૃસંસ્થાના આંગણે એકત્ર થાય છે ત્યારે ગુરુ-શિષ્ય પરંપરાનો સ્નેહમિલન સર્જાય છે. ડીન પ્રો. અજય અષ્ટપુત્રેએ જણાવ્યું હતું કે પર્ફોર્મિંગ આર્ટ્સ ફેકલ્ટી એ માત્ર શિક્ષણ સંસ્થા નહીં પરંતુ સંસ્કાર અને સર્જનનું જીવંત તીર્થ છે.

ત્રણ વર્ષમાં 30 હજાર વિદ્યાર્થીઓ સુધી પહોંચવાનું લક્ષ્ય

RJ Vision અને MSM Unifyનો વૈશ્વિક સહયોગ

(પ્રતિનિધિ) વડોદરા, તા.27

ગુજરાતમાં NEET, JEE સહિતની સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે જાણીતી RJ Visionએ વૈશ્વિક શિક્ષણ પ્લેટફોર્મ MSM Unify સાથે સહયોગ કરીને શિક્ષણ ક્ષેત્રે વિસ્તરણની યોજના જાહેર કરી છે. આ ભાગીદારીના માધ્યમથી આગામી ત્રણ વર્ષમાં 30 હજાર વિદ્યાર્થીઓ સુધી પહોંચવાનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે.

ડૉ. રાજીવ વિજય, ઈ. જીતુ વિજય અને શુભા વિજયના નેતૃત્વ હેઠળ કાર્યરત RJ Vision નવા કોચિંગ સેન્ટરો, સંકલિત શાળા કાર્યક્રમો અને ડિજિટલ લર્નિંગ પ્લેટફોર્મ દ્વારા શિક્ષણનો વ્યાપ વધારશે. વિદ્યાર્થીઓને વ્યક્તિગત માર્ગદર્શન અને ગુણવત્તાસભર શિક્ષણ પૂરું પાડવાની સાથે રાષ્ટ્રીય સ્તરે સંસ્થાની હાજરી મજબૂત બનાવવામાં આવશે.

પ્રેસ રિલીઝ અનુસાર, MSM Unifyએ ભારતમાં શિક્ષણ ક્ષેત્રના વિસ્તરણ માટે 20 મિલિયન

અમેરિકી ડૉલરના રોકાણનું વિઝન રજૂ કર્યું છે. તેનું આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) આધારિત પ્લેટફોર્મ વિદ્યાર્થીઓ અને શૈક્ષણિક સંસ્થાઓને વૈશ્વિક નેટવર્ક સાથે જોડવામાં મદદરૂપ બને છે.

RJ Vision ધોરણ 6થી 12ના વિદ્યાર્થીઓ માટે વિવિધ બોર્ડના અભ્યાસક્રમો ઉપરાંત NEET, JEE, GUJCET અને ઓલિમ્પિયાડ્સની તૈયારી કરાવે છે. આ સહયોગથી ટેકનોલોજી આધારિત અને પરિણામલક્ષી શિક્ષણ વધુ વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવશે. સાથે જ, વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે વધુ સુવ્યવસ્થિત તૈયારી અને માર્ગદર્શન ઉપલબ્ધ કરાવવાની દિશામાં કામગીરી હાથ ધરાશે.

લોન અપાવવાના બહાને વૃદ્ધ સાથે રૂ. ૫.૩૧ લાખની છેતરપિંડી

(પ્રતિનિધિ) દાહોદ, તા.27

ઝાલોદ મુવાડા ખાતે ફાઈનાન્સ કંપનીમાંથી લોન અપાવવાની લાલચ આપી ફૂલપુરા ગામના 58 વર્ષીય હવસિંગભાઈ ભુરીયા સાથે રૂ. 5.31 લાખની છેતરપિંડી થયાની ફરિયાદ નોંધાઈ છે.

ફરિયાદ મુજબ, મનીષ પરમાર, દિનેશ નીનામા, ચંદ્રકાંત બામણીયા અને રવિરાજ મેહુલિયાએ લોનની ફાઈલના ચાર્જ તથા GSTના નામે વૃદ્ધ પાસેથી અલગ-અલગ સમયે રૂ. 3.50 લાખ રોકડા મેળવ્યા હતા. ત્યારબાદ તેમના પુત્રની રૂ. 2 લાખની લોન મંજૂર કરાવી તેમાંથી રૂ. 1.81 લાખ ફોન-પે મારફતે પોતાના ખાતામાં ટ્રાન્સફર કરાવ્યા હોવાનો આક્ષેપ છે.

કુલ રૂ. 5.31 લાખ લીધા બાદ લોન મંજૂર ન કરાવતાં કે રકમ પરત ન આપતાં વૃદ્ધે ઝાલોદ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ચારેય આરોપીઓ સામે છેતરપિંડી અને વિશ્વાસઘાત અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

દિલ્હીના અખિલ ભારતીય સંમેલનમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ વધ્યું

ગુજરાત પ્રદેશ સુથાર સમાજના પ્રમુખ ઠાકોર મિસ્ત્રીની રાષ્ટ્રીય સ્તરે પ્રભારી મંત્રી તરીકે વરણી

છેલ્લા ૩૧ વર્ષથી જ્ઞાતિ સંગઠન અને ઉત્કર્ષ માટે અવિરત સેવાઓ આપતા રહ્યા છે ઠાકોર મિસ્ત્રી

(પ્રતિનિધિ) વડોદરા, તા.27

તાજેતરમાં નવી દિલ્હી ખાતે 'અખિલ ભારતીય વિશ્વકર્મા વંશજ સર્વોત્થાન સંગઠન'નું ભવ્ય રાષ્ટ્રીય સંમેલન યોજાયું હતું. આ રાષ્ટ્રીય સંમેલનમાં ગુજરાત પ્રદેશ સુથાર સમાજના પ્રમુખ ઠાકોર મિસ્ત્રીની રાષ્ટ્રીય કારોબારીમાં 'પ્રભારી મંત્રી' તરીકે વિશેષ નિમણૂંક કરવામાં આવી છે. આ ગૌરવવંતી સિદ્ધિથી સમગ્ર ગુજરાતના સુથાર સમાજમાં આનંદની લાગણી ફેલાઈ ગઈ છે.

આ રાષ્ટ્રીય સંમેલનમાં હિમાચલ પ્રદેશ, ઉત્તર પ્રદેશ, હરિયાણા, રાજસ્થાન, પંજાબ, મહારાષ્ટ્ર અને ગુજરાત સહિતના વિવિધ રાજ્યોમાંથી સમાજના અગ્રણીઓ અને હોદ્દેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સંમેલન દરમિયાન દેશભરમાંથી કુલ ૧૩ સભ્યોની નવી રાષ્ટ્રીય કારોબારી સમિતિની વરણી કરવામાં આવી હતી, જેમાં ગુજરાતમાંથી

અગ્રેસર રહેલા ઠાકોર મિસ્ત્રીને પ્રભારી મંત્રી તરીકે મહત્ત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી છે. ઠાકોર મિસ્ત્રી છેલ્લા ૩૧ વર્ષથી સુથાર જ્ઞાતિને સંગઠિત કરવા અને સમાજના ઉત્થાન માટે સતત નિષ્ઠાપૂર્વક પ્રયત્નો કરી રહ્યા છે. આ રાષ્ટ્રીય સ્તરની સંસ્થાનો મુખ્ય હેતુ જ્ઞાતિજનો વચ્ચેના જુદા જુદા વર્ગભેદો સમાપ્ત કરી, તમામ વિશ્વકર્મા બંધુઓને એક જ મંચ પર લાવવાનો છે. તેમજ સમાજમાં જાગૃતિ કેળવીને શૈક્ષણિક, આર્થિક અને સામાજિક ક્ષેત્રે સર્વાંગી વિકાસ સાધવાનો આ સંસ્થાનો સંકલ્પ છે. સંગઠનના સફળ અને સચોટ પ્રયાસો તથા રજૂઆતોને પરિણામે કેન્દ્રીય ઓ.બી.સી. માં સુથાર જ્ઞાતિજનોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

૧૪ લોકોના જીવ લેનાર હરણી તળાવમાં મુલાકાતીઓનો પ્રવેશ બંધ

ગોઝારી હોડી દુર્ઘટનાના દોઢ વર્ષ પછી હરણી તળાવ સૂમસામ, મનોરંજન સ્થળ ઉજ્જડ બન્યું

પીપીપી પ્રોજેક્ટના મનોરંજન સાધનો ધૂળ ખાતા થયા



(પ્રતિનિધિ) વડોદરા, તા.27

વડોદરા શહેરનું હરણી મોટનાથ તળાવ એક સમયે બાળકોની કિલકારીઓ, પરિવારજનોની ભીડ અને મનોરંજનના ધમધમાટથી સતત જીવંત રહેતું હતું. જોકે, જાન્યુઆરી ૨૦૨૪માં આ જ લેકઝોન ખાતે સર્જાયેલી ગોઝારી અને હૃદયદ્રાવક દુર્ઘટનાએ સમગ્ર રાજ્યને હચમચાવી દીધું હતું. ન્યૂ સનરાઈઝ શાળાના નિર્દોષ બાળકો અને શિક્ષિકાઓ સહિત કુલ ૧૪ લોકોનાં કરુણ મોત બાદ આ મનોરંજન સ્થળ પર કાયમ માટે સન્નાટો છવાઈ ગયો છે. આ ગોઝારી ઘટનાને દોઢ વર્ષથી વધુનો સમય વીતી ચૂક્યો છે, પરંતુ તે ભયાનક દુર્ઘટનાની યાદો સાથે આ સમગ્ર પરિસર આજે એકદમ સૂમસામ અને ઉજ્જડ બની ગયું છે.

દુર્ઘટના બાદ વહીવટી તંત્ર અને સંચાલકો દ્વારા લેકઝોનને ત્વરિત બંધ કરી દેવામાં આવ્યું હતું અને તળાવ પરિસરમાં મુલાકાતીઓની અવરજવર પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. લાંબા સમયથી બંધ રહેલા અને જાળવણીના અભાવે આ સ્થળની હાલત અત્યંત દયનીય બની ગઈ છે. તળાવની અંદર અને આસપાસના વિસ્તારમાં બેફામપણે જંગલી વનસ્પતિ અને વેલાઓ ઊગી નીકળ્યાં છે, જે આ સ્થળની ભયાનકતામાં વધારો કરી રહ્યા છે.

એક સમયે જ્યાં બાળકો રાઈડ્સની મજા માણતા હતા તે તમામ મનોરંજન સાધનો અને રાઈડ્સ યોગ્ય જાળવણીના અભાવે હાલમાં ભંગારમાં ફેરવાઈ ગઈ છે. પીપીપી ધોરણે વિકસાવવામાં આવેલા આ પ્રોજેક્ટમાં ઘણું આકર્ષણ હતું, પરંતુ આ ગંભીર દુર્ઘટના બાદ કાયદાકીય કાર્યવાહી રૂપે પોલીસે કોટિયા પ્રોજેક્ટના મેનેજર સહિત કુલ ૧૮ જેટલા લોકો સામે ગુના નોંધી કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરી હતી.

માયાદેવી ભાનમાં, તબીબોની દેખરેખ હેઠળ સારવાર ચાલુ

વડુમાં ચૂલા પર ચા બનાવતા ૩૮ વર્ષીય મહિલા દાઝી ગઈ

સયાજી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડાયા, દર્દી હાલ સંપૂર્ણપણે ભાનમાં

(પ્રતિનિધિ) વડોદરા, તા.27

વડોદરા નજીક આવેલા વડુ વિસ્તારમાં ગૃહિણીઓ માટે રસોડું કેટલીકવાર જીવલેણ સાબિત થતું હોય છે, તેવી જ એક કરુણ ઘટના તાજેતરમાં પ્રકાશમાં આવી છે. વડુ સ્થિત ABB ભઠ્ઠા વિસ્તારમાં રહેતા અને મૂળ ઉત્તર પ્રદેશના બદાયૂં જિલ્લાના માણેકપુર ગામના દિગલપુર નિવાસી માયાદેવી વિજેન્દ્ર ઉંમર વર્ષ ૩૮ ચૂલા પર ચા બનાવતી વેળાએ અકસ્માતનો ભોગ બન્યા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર, આજરોજ માયાદેવી પોતાના ઘરે ચૂલા પર ચા બનાવી રહ્યા હતા તે દરમિયાન અચાનક તેમની પહેરેલી સાડી કે કપડાં પર આગની જ્વાળાઓ ફેલાઈ ગઈ હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા તેઓ શરીરે દાઝી ગયા હતા. આ આકસ્મિક દુર્ઘટનાથી આસપાસના વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તેમના પતિ વિરેન્દ્રભાઈ તાત્કાલિક ધોરણે પત્નીને બચાવી લેવા માટે સયાજી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લઈ આવ્યા હતા. સયાજી હોસ્પિટલના તબીબો દ્વારા તાત્કાલિક અસરથી તેમની સારવાર શરૂ કરી દેવામાં આવી છે. સંતોષકારક બાબત એ છે કે દાઝેલા હોવા છતાં માયાદેવી હાલ સંપૂર્ણપણે ભાનમાં છે અને તબીબોની નિગરાણી હેઠળ તેમની સારવાર ચાલી રહી છે. આ અકસ્માતને પગલે પરિવારમાં શોક અને ચિંતાનું મોજું ફરી વળ્યું છે.

અનવરપુરામાં બે યુવક-યુવતીએ ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

(પ્રતિનિધિ) ઝાલોદ, તા.27

ઝાલોદ તાલુકાના અનવરપુરા ગામે ૧૭ વર્ષીય યુવતી અને ૧૮ વર્ષીય યુવકે એક જ આંબાના ઝાડ પર દોરડા વડે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યાની ઘટના સામે આવી છે. મૃતકોમાં અનવરપુરાના ઉપલા ફળિયામાં રહેતી રાધાબેન હસમુખભાઈ ભાભોર અને જેતપુર ગામનો નેમિત નિરેશભાઈ ડામોરનો સમાવેશ થાય છે. મળતી માહિતી મુજબ, ૨૪ ઓક્ટોબરની સાંજથી ૨૫ ઓક્ટોબરની સવાર દરમિયાન બંનેએ રમેશભાઈ લાલાભાઈ ગરાસિયાના ખેતરના સેઢા પર આવેલા આંબાના ઝાડની ડાળ પર ફાંસો ખાધો હતો. જાણ થતાં ઝાલોદ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. બંનેના મૃતદેહને નીચે ઉતારી પંચનામા બાદ પોસ્ટમોર્ટમ માટે સરકારી દવાખાને મોકલવામાં આવ્યા હતા. પોલીસે અકસ્માત મોતની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે. બંને વચ્ચે પ્રેમસંબંધ હોવાની અને પરિવારજનોની અસંમતિની વાત બિનસત્તાવાર રીતે ચર્ચાઈ રહી છે. જોકે, ઘટનાનું ચોક્કસ કારણ તપાસ બાદ જ સ્પષ્ટ થશે.

યુકો બેંક UCO BANK

રાવપુરા શાખા : [illegible], વડોદરા.

પઝેશન નોટિસ

(સ્થાવર મિલકત માટે)

[illegible]

સ્થાવર મિલકતનું વર્ણન

[illegible]

તારીખ : [illegible]

સ્થળ : વડોદરા

અધિકૃત અધિકારી, યુકો બેંક

એકતાનગરમાં 'પિંક ઈ-ઓટો પ્રોજેક્ટ'થી ૮૫ આદિવાસી મહિલાઓને રોજગારી

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે પ્રવાસન સાથે મહિલા સશક્તિકરણ અને પર્યાવરણ સંરક્ષણને પ્રોત્સાહન

(પ્રતિનિધિ) વડોદરા, તા.27

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતિના અવસરે નર્મદા જિલ્લાના એકતાનગરમાં આદિવાસી મહિલાઓના સશક્તિકરણનું પ્રેરણાદાયી મોડલ સામે આવ્યું છે. સ્ટેચ્યુ ઑફ યુનિટીની મુલાકાતે આવતા પ્રવાસીઓની સુવિધા વધારવા સાથે સ્થાનિક મહિલાઓને રોજગારી આપવાના હેતુથી શરૂ કરાયેલો 'પિંક ઈ-ઓટો પ્રોજેક્ટ' ૬ ગામની ૮૫ મહિલાઓ માટે આત્મનિર્ભરતાની નવી તક બની રહ્યો છે.

સ્ટેચ્યુ ઑફ યુનિટી સંચાલન દ્વારા પીપીપી ધોરણે અમલમાં મુકાયેલા આ પ્રોજેક્ટ હેઠળ મહિલાઓને ઈ-ઓટો ચલાવવાની વિશેષ તાલીમ આપવામાં આવી છે. સાથે જ ડ્રાઈવિંગ લાઈસન્સ મેળવવામાં સહાય કરીને તેમને પિંક ઈ-ઓટો ફાળવવામાં આવી છે. આ મહિલાઓ એકતાનગર અને આસપાસના પ્રવાસન વિસ્તારોમાં પ્રવાસીઓની અવરજવર માટે સેવા આપી રહી છે. આ પહેલથી મહિલાઓને સ્વતંત્ર આવક મેળવવાની તક મળી છે, જેના કારણે તેઓ પરિવારની આર્થિક પ્રગતિમાં યોગદાન આપી શકે છે. સાથે જ તેમનામાં આત્મવિશ્વાસ અને સ્વાવલંબનની ભાવના મજબૂત બની રહી છે.

પ્રોજેક્ટની વિશેષતા એ છે કે ઈલેક્ટ્રિક વાહનોના ઉપયોગથી પર્યાવરણમિત્ર પરિવહનને પણ પ્રોત્સાહન મળે છે. આમ, એકતાનગરમાં પ્રવાસન વિકાસ, સ્થાનિક રોજગારી અને મહિલા સશક્તિકરણનો સમન્વય સાકાર થઈ રહ્યો છે.

મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિ. Muthoot Homefin

[illegible], મુંબઈ, મહારાષ્ટ્ર - 400 0[illegible]

ડિમાન્ડ નોટિસ

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002ની કલમ 13(2) સાથે સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 3(1) હેઠળ.

અધિકૃત અધિકારી, મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ (MHIL), સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002ની કલમ 13(12) હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 3 સાથે વાંચતા નીચે જણાવેલ ઉધારકર્તા/સહ-ઉધારકર્તા ("ઉધારકર્તાઓ")ને ડિમાન્ડ નોટિસ જારી કરી છે, જેમાં નીચે જણાવેલી રકમ ચૂકવવા જણાવાયું છે. ઉધારકર્તાઓને આથી નોટિસ આપવામાં આવે છે કે તેઓ નીચે દર્શાવેલ ડિમાન્ડ નોટિસ પ્રકાશિત થયાના 60 દિવસની અંદર MHILને ઉલ્લેખિત તારીખ સુધીનું ચઢેલું વ્યાજ 2% p.m. વધુ ચૂકવણી અને/અથવા વસૂલાતની તારીખ સુધીનું આગળનું વ્યાજ, જે લોન કરાર અને અન્ય દસ્તાવેજો મુજબ ચૂકવવાપાત્ર છે, જો કોઈ હોય, તો તે સક્ષમ અધિકારી સમક્ષ જમા કરાવે. સદર ઉધારકર્તાઓ દ્વારા વસૂલાત માટે નીચે આપેલી મિલકતો MHIL પાસે ગીરો મૂકવામાં આવેલ છે.

ક્ર. નં.	ઉધારકર્તા/સહ-ઉધારકર્તાનું નામ/લોન નં./શાખા	બાકી રકમ (રૂ.)	ડિમાન્ડ નોટિસની તારીખ	ગીરો મૂકેલી સિક્યોરિટી મિલકતનું વર્ણન (સ્થાવર મિલકત)
1.	[illegible]	Rs.23,35,080/- (રૂપિયા ત્રેવીસ લાખ પાંત્રીસ હજાર એંસી પૂરા)	24 Sep 2026	[illegible]

[illegible]

તારીખ: 28 ઓક્ટોબર, 2026

સ્થળ: વડોદરા

સહી/- અધિકૃત અધિકારી, મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ

Amul

AMUL DAIRY, ANAND, GUJARAT, INDIA.
KAIRA DISTRICT CO-OPERATIVE MILK PRODUCERS' UNION LTD
Anand-388001, Gujarat, Phone: (02692) 256124,256224

Tender Notice

Kaira District Co-operative Milk Producers' Union Limited, Anand, popularly known as Amul Dairy having an annual turnover of Rs. 15,000+ crores, invites sealed tenders from eligible bidders for following items.

Sr. No	Tender Details	Periods	EMD (Rs.)
1	Annual O & M contract of Anand ETP	One Year (2026-2027)	1,00,000/-
2	Annual Maintenance Contract for Air Conditioner Services for the Kaira Union Plants across Gujarat	One Year (2026-2027)	25,000/-

The details of E-tender can be downloaded free of cost from the Website http://tender.amuldairy.com after online registration.

The on-line tender will be available for access from Dt. 28.10.2026 to Dt. 08.11.2026. The completed tender in physical form will be received up to 17.00 hours on 08.11.2026 by Sr. Manager (Purchase), 3rd Floor, Admin Building, Amul Dairy, Anand 388 001, Gujarat, India.

Details regarding eligibility criteria, specifications and other conditions are available in the tender format from the above website. Amul Dairy reserves the right to accept or reject any or all the tenders without assigning any reason thereof.

Date: 28.10.2026 | Managing Director